**જુન-૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષથી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા બાબત...**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૨૦૧૧-૨૧૮૮૦૫-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૭/૪/૨૦૧૧

**વંચાણેલીધોઃ-** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની તા.૧૯-૩-૨૦૧૧ની સીંગલ ફાઇલ ક્રમાંકઃ૬ પરની દરખાસ્ત....

**આમુખ :-**

ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર, અધિનિયમ-૨૦૦૯નો આંશિક અમલ રાજય સરકારે તા.૧-૪-૨૦૧૦થી કરેલ છે. તદ્‌નુસાર રાજયની ૫૦૦૦ પ્રાથમિક શાળાઓમાં જુન-૨૦૧૦થી ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે. રાજયની પ્રાથમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ શરૂ કરવા માટે નીતિ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી છે અને નીચે મુજબની નીતિ નકકી કરી અમલ કરવા ઠરાવેલ છે.

**ઠ રા વ :-**

૧. ગ્રામ્ય વિસ્તારની બધી પ્રાથમિક શાળાઓ કે જે ગામોમાં માધ્યમિક શાળા નથી અને ધોરણ-૭માં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ કરતાં વધુ છે તેવા બધા ગામોમાં ધોરણ-૮ શરૂ કરવાનું રહેશે, તેવી ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓની કુલ સંખ્યા ૪૩૬૧ છે જેની યાદી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ પૂરતી ચકાસણી કરી બહાર પાડવાની રહેશે. તેવી પ્રાથમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષથી ધોરણ-૮ શરૂ કરવાનું રહેશે.

૨. શહેરી વિસ્તારોની (મહાનગરપાલિકા અને નગરપાલિકા) પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૭માં ૨૫ કરતાં વધારે વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં ધોરણ-૮ શરૂ કરવાનું રહેશે. શહેરી વિસ્તારની આવી પ્રાથમિક શાળાઓની કુલ સંખ્યાઃ૧૬૦૯ છે જેની યાદી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ પૂરતી

ચકાસણી કરી બહાર પાડવાની રહેશે. તેવી પ્રાથમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષથી ધોરણ-૮ શરૂ કરવાનું રહેશે.

3. આ ઠરાવના પેરા-૨માં દર્શાવેલ ૧૬૦૯ પ્રાથમિક શાળાઓ પૈકીની ૫૪૧ પ્રાથમિક શાળાઓ શહેરી વિસ્તારની કે જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે, તેવી પસંદ કરવાની રહેશે તેવી ધોરણ-૭ની પ્રાથમિક શાળાઓમાં નીચે જણાવ્યા મુજબ ધો.૮ના વર્ગો મંજૂર કરવાના રહેશે. આવી પ્રાથમિક શાળાઓની યાદી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ બહાર પાડવાની રહેશે.

(૧) જયાં ધોરણ-૭ની વિદ્યાર્થી સંખ્યા ૧૦૦ સુધીની હોય ત્યાં એક વર્ગ.

(૨) જયાં ધોરણ-૭ની વિદ્યાર્થી સંખ્યા ૧૦૦ થી ૧૬૦ સુધીની હોય ત્યાં બે વર્ગ.

(3) જયાં ધોરણ-૭ની સંખ્યા ૧૬૦ થી ઉપર હોય ત્યાં ત્રણ વર્ગો ખોલવાના રહેશે.

ઉપર પ્રમાણેની શરતો પરિપૂર્ણ થતી હોય તો જ સ્થળ સ્થિતિ મુજબ જયાં વધારાના વર્ગખંડો હોય તે મુજબ વર્ગો મંજૂર કરી શકાશે.

ઉપર્યુકત સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧-૩-૨૦૧૧ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
**નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)**
**શિક્ષણ વિભાગ**
**ગુજરાત સરકાર**

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.